## સાઉથના પ્રોડ્યુસર્સનો

# ‘સેફ બિઝનેસ’ ... ‘અપના દેશ’

ભારતીય સિનેમાનો ઈતિહાસ એ માત્ર કેમેરાની સામે ભજવાયેલી વાર્તાઓ નથી, પરંતુ કેમેરાની પાછળ ઘટેલી એવી અદભુત અને રોમાંચક ઘટનાઓનું પોટલું છે જે ક્યારેક કોઈ મોટી નવલકથા કરતાં પણ વધુ રસપ્રદ લાગે છે. આજે આપણે સમયના ચક્રને પાછળ ફેરવીને વર્ષ 1972ના એ સુવર્ણ યુગમાં જવાનું છે, જ્યારે દેશભરના થિયેટરોની બહાર સિક્કાઓ ઉછળતા હતા, ટિકિટ બારીઓ પર લાંબી લાઈનો લાગતી હતી અને રૂપેરી પડદા પર ‘કાકા’ એટલે કે રાજેશ ખન્નાની એક ત્રાંસી નજર અને કાતિલ




મુસ્કાન આખા દેશની યુવા પેઢીને ઘેલી કરતી હતી.

વર્ષ 1972માં બોક્સ ઓફિસ પર ધૂમ મચાવનારી એક શાનદાર ફિલ્મ આવી હતી–’અપના દેશ’. ભ્રષ્ટાચાર, કાળાબજારી અને સરકારી તંત્રના સડા સામે લડતા એક નીડર, ઈમાનદાર અને સામાન્ય માણસ ‘આકાશ’ની આ વાર્તા છે. જે સિસ્ટમ સામે ઝૂકતો નથી, તૂટતો નથી પરંતુ છેલ્લે આખી રમત પલટી નાખે છે. આ ફિલ્મ જેટલી પડદા પર મજેદાર હતી, તેની પાછળની વાર્તાઓ અને કિસ્સાઓ એટલા જ ચોંકાવનારા છે. ચાલો આ આર્ટિકલમાં આ ફિલ્મના નિર્માણથી લઈને તેના ગીતો અને કલાકારો સાથે જોડાયેલી કેટલીક અજાણી અને અત્યંત રસપ્રદ વાતો વિશે વિગતવાર જાણીએ.

ફિલ્મ ‘અપના દેશ’ની ઓરિજનલ હિન્દી સ્ક્રિપ્ટ નહોતી. તે 1969માં આવેલી સુપરહિટ તેલુગુ ફિલ્મ ‘કથાનાયકુડુ’ની હિન્દી રિમેક હતી, જેમાં સાઉથના સુપરસ્ટાર એન.ટી. રામારાવ અને જયલલિતાએ મુખ્ય ભૂમિકા ભજવી હતી. આ ફિલ્મની પ્રચંડ સફળતા જોઈને દક્ષિણ ભારતના જાણીતા ફિલ્મ નિર્માતાઓ એ.વી. સુબ્રમણ્યમ અને ટી. ગોવિંદરાજને નક્કી કર્યું કે આ વાર્તાને હિન્દીમાં બનાવીને બોલિવૂડના દર્શકો સુધી પહોંચાડવી જોઈએ.

તે સમયે સાઉથના નિર્માતાઓ માટે હિન્દી સિનેમામાં રીમેક બનાવવી એ એક સુરક્ષિત બિઝનેસ ગણાતો. ફિલ્મ માટે હીરોની શોધ શરૂ થઈ. નિર્માતાઓના મગજમાં પહેલું નામ આવ્યું તે સમયના ‘જુબલી સ્ટાર’ રાજેન્દ્ર કુમારનું. નિર્માતાઓ અને રાજેન્દ્ર કુમાર વચ્ચે જૂની મિત્રતા અને સારો પરિચય હતો. પ્રોડ્યુસર્સને પૂરો ભરોસો હતો કે જૂના સંબંધોને કારણે રાજેન્દ્ર કુમાર આ ફિલ્મ સરળતાથી સાઈન કરી લેશે.

એક દિવસ, આ સાઉથના પ્રોડ્યુસર્સ પૂરા ઉત્સાહ સાથે રાજેન્દ્ર કુમારને મળવા એક ફિલ્મ સ્ટુડિયોમાં પહોંચ્યા. રાજેન્દ્ર કુમાર પોતાના મેકઅપ રૂમમાં ખૂબ જ ગંભીર મુદ્રામાં બેઠા હતા. નિર્માતાઓએ તેમની સામે ફિલ્મની વાર્તા, પાત્ર અને પોતાનો પ્લાન રજૂ કર્યો. સાથે જ તેમણે એક વિનંતી કરી કે, ‘આપણું બજેટ થોડું ટાઈટ છે, તેથી તમારે તમારી નિયમિત માર્કેટ ફી કરતાં થોડી ઓછી ફી લેવી પડશે.’

આ સાંભળીને રાજેન્દ્ર કુમારે સખત શબ્દોમાં ના પાડી. તેમણે ગંભીરતાથી માથું હલાવતા કહ્યું, ‘આ શક્ય નથી. મારા પણ પોતાના ખર્ચા છે અને જો હું આવી રીતે ઓછી ફીમાં કામ કરવા લાગીશ, તો એક દિવસ મારે દિવાળીયું ફૂંકવાનો વારો આવશે!’

**મિત્ર જેવા એક્ટર રાજેન્દ્ર કુમારના આ કડક શબ્દો સાંભળીને નિર્માતાઓ સ્તબ્ધ થઈ ગયા. ભારે નિરાશા સાથે, પોતાના દસ્તાવેજો હાથમાં લઈને તેઓ મેકઅપ રૂમની બહાર નીકળ્યા. તેમને લાગ્યું કે તેમની આખી યોજના અહીં જ પડી ભાંગી. પરંતુ વિધાતાએ કંઈક જુદું જ લખી રાખ્યું હતું**




મિત્ર જેવા એક્ટર રાજેન્દ્ર કુમારના આ કડક શબ્દો સાંભળીને નિર્માતાઓ સ્તબ્ધ થઈ ગયા. ભારે નિરાશા સાથે, પોતાના દસ્તાવેજો હાથમાં લઈને તેઓ મેકઅપ રૂમની બહાર નીકળ્યા. તેમને લાગ્યું કે તેમની આખી યોજના અહીં જ પડી ભાંગી. પરંતુ વિધાતાએ કંઈક જુદું જ લખી રાખ્યું હતું.

જેવા તેઓ બહાર આવ્યા કે તરત જ તેમની નજર બાજુના જ એક મેકઅપ રૂમ પર પડી. ત્યાં તે સમયના બોલિવૂડના નવા અને ઉગતા સુપરસ્ટાર રાજેશ ખન્ના બેઠા હતા. કાકા પોતાના અનોખા અંદાજમાં શાંત અને આત્મવિશ્વાસથી છલોછલ દેખાતા હતા. પ્રોડ્યુસર્સે હિંમત કરીને રાજેશ ખન્નાને અલગ બોલાવ્યા અને રાજેન્દ્ર કુમાર સાથે શું બન્યું તેની આખી આપવીતી સંભળાવી દીધી. રાજેશ ખન્નાએ તેમની વાત ખૂબ જ ધ્યાનથી સાંભળી, તેમના ચહેરા પર એક હળવી મુસ્કાન આવી અને તેમણે ત્વરિત નિર્ણય લેતા કહ્યું: ‘ઠીક છે, તમારી ફિલ્મ હું કરીશ!’

આ શબ્દો નિર્માતાઓ માટે કોઈ જાદુથી કમ નહોતા. તેમની આંખોમાં ગુમાવેલી આશા પાછી આવી ગઈ. આ એક નાનકડા અકસ્માત અને યોગ્ય સમયે લેવાયેલા નિર્ણયે ‘અપના દેશ’ ફિલ્મને બોલિવૂડના ઈતિહાસમાં અમર બનાવી દીધી.

ફિલ્મ ‘અપના દેશ’ની અડધી સફળતા તો ત્યારે જ નક્કી થઈ ગઈ જ્યારે તેની હિરોઈન તરીકે મુમતાઝની પસંદગી થઈ. રાજેશ ખન્ના અને મુમતાઝની જોડી એટલે ભારતીય સિનેમાની સૌથી લકી અને બોક્સ ઓફિસ પર અજેય ગણાતી જોડી. ૧૯૬૯થી ૧૯૭૫ વચ્ચેના ગાળામાં આ જોડીએ બોલિવૂડ પર એકચક્રી શાસન કર્યું હતું અને નવાઈની વાત એ છે કે આ જોડીની કોઈ ફિલ્મ ક્યારેય ફ્લોપ ગઈ નહોતી!

આ સુપરહિટ સફરની શરૂઆત ‘દો રાસ્તે’ (૧૯૬૯) ફિલ્મથી થઈ હતી, જે બ્લોકબસ્ટર રહી. ત્યારબાદ ‘બંધન’, ‘સચ્ચા ઝૂઠા’, ‘દુશ્મન’, ‘આપ કી કસમ’ અને ‘રોટી’ જેવી સળંગ સુપરહિટ ફિલ્મો આપીને આ જોડીએ ઈતિહાસ રચી દીધો.

પરંતુ પડદા પાછળ આ બંને કલાકારોનો સંબંધ ભારે રમૂજી અને નિકટતાવાળો હતો. ફિલ્મ ઈન્ડસ્ટ્રીમાં એવી ચર્ચા હતી કે મુમતાઝ જ હતી જે રાજેશ ખન્નાના નખરાંને ખૂબ જ સરળતાથી હેન્ડલ કરી શકતી હતી. રાજેશ ખન્ના મુમતાઝ પ્રત્યે ભારે પઝેસિવ હતા. જો મુમતાઝ અન્ય કોઈ હીરો સાથે ફિલ્મ સાઈન કરે, તો કાકા ક્યારેક કેટલાય દિવસો સુધી તેમની સાથે વાત પણ નહોતા કરતા!



રાજેશ ખન્ના પ્રેમથી મુમતાઝને ‘મોટી’ કહીને ચીડવતા હતા. ફિલ્મના સેટ પર પણ બંને વચ્ચે બરાબરીની ટક્કર થતી. આવો જ એક મજેદાર કિસ્સો ફિલ્મ ‘રોટી’ના શૂટિંગ વખતનો છે. કાશ્મીરની કડકડતી ઠંડીમાં બરફની વચ્ચે રાજેશ ખન્નાએ મુમતાઝને પોતાના ખભા પર ઉંચકીને ચાલવાનું હતું. દરરોજ સવારે સેટ પર આવીને કાકા મજાકમાં મોટેથી બોલતા, ‘આજે ફરીથી આ મોટીને મારે ખભે ઢસડવી પડશે!’ અને સામે મુમતાઝ પણ ખડખડાટ હસીને કાકાને કરારો જવાબ આપતી.

જ્યારે ૧૯૭૪માં મુમતાઝે બિઝનેસમેન મયુર માધવાની સાથે લગ્ન કરીને ફિલ્મ ઈન્ડસ્ટ્રી છોડવાનો નિર્ણય કર્યો, ત્યારે રાજેશ ખન્ના સૌથી વધુ દુઃખી થયા હતા. તેમણે જાહેરમાં નિસાસો નાખતા કહ્યું હતું કે, ‘મુમતાઝના જવાથી જાણે મારો જમણો હાથ કપાઈ ગયો છે.’ જોકે, તેમની વચ્ચે કોઈ સત્તાવાર પ્રેમ સંબંધ નહોતો, પણ એક અતૂટ માનસિક અને વ્યાવસાયિક જોડાણ હંમેશાં રહ્યું.

કોઈપણ ફિલ્મ સંગીત વગર અધૂરી છે, અને જ્યારે સંગીતના સુકાની પંચમ દા હોય ત્યારે ધમાકો થવો નિશ્ચિત છે. ‘અપના દેશ’ ફિલ્મના ગીતો આનંદ બક્ષીએ લખ્યા હતા અને પંચમ દાએ તેને સુરાવલીઓથી સજાવ્યા હતા. ફિલ્મમાં ‘સુન ચંપા સુન તારા’, ‘રોના કભી નહીં રોના’ અને ‘ગજરા લગા કે’ જેવા સુંદર ગીતો હતા, પરંતુ એક ગીતે આખા દેશમાં તહેલકો મચાવી દીધો હતો ‘દુનિયા મેં લોગોં કો ધોખા કભી હો જાતા હૈ...’

આ ગીતની વિશેષતા એ હતી કે તેને આર. ડી. બર્મને પોતાના અનોખા ‘બેરીટોન’ એટલે કે બેસવાળા, ખરખરતા અને ઘેરા અવાજમાં ગાયું હતું. ગીતની શરૂઆતમાં અને વચ્ચે આવતો પંચમ દાનો એ હાંફવાનો અને ગળામાંથી કાઢેલો અવાજ એટલો પ્રભાવશાળી હતો કે તે સમયના ક્લબ સોંગ્સમાં તે ક્રાંતિ સમાન સાબિત થયો.

આજે અડધી સદી કરતાં પણ વધુ સમય વીતી ગયો હોવા છતાં, જ્યારે પણ કોઈ નવી ફિલ્મમાં ૭૦ના દાયકાનો માહોલ કે રેટ્રો લુક બતાવવો હોય (જેમ કે ફિલ્મ ‘વન્સ અપોન એ ટાઈમ ઈન મુંબઈ’), ત્યારે પંચમ દાની આ જ ગાયન શૈલીના ગીતોનો ઉપયોગ કરવામાં આવે છે.

**મુવિયાના**

વર્ષ 1972માં ‘અપના દેશ’ ફિલ્મ અંદાજે 80 લાખ રૂપિયાના મર્યાદિત બજેટમાં તૈયાર થઈ હતી. તે જમાનામાં આ રકમ પણ મોટી ગણાતી. જ્યારે આ ફિલ્મ 26 મે 1972ના રોજ થિયેટરોમાં રિલીઝ થઈ, ત્યારે દર્શકોએ તેને માથે ઉપાડી લીધી. ફિલ્મે બોક્સ ઓફિસ પર કુલ ૧ કરોડ ૨૫ લાખ રૂપિયાની જબરદસ્ત કમાણી કરી હતી.

નિર્માતાઓનો નફો જોતાં આ ફિલ્મને બોક્સ ઓફિસ પર ‘સુપર હિટ’ જાહેર કરવામાં આવી હતી. 1972ના વર્ષમાં સૌથી વધુ કમાણી કરનારી ફિલ્મોની યાદીમાં ‘અપના દેશ’ છઠ્ઠા ક્રમે રહી હતી (તે વર્ષે પ્રથમ ક્રમે હેમા માલિનીની ‘સીતા ઓર ગીતા’ હતી ●

# જાણો ઈંડિયન ચાર્લી ... ચાપ્લિન, ‘ઈન્દ્રસેન સિંહ જૌહર’ને...



આજની જનરેશન કદાચ કરણ જૌહરને સારી રીતે ઓળખે છે, પણ શું તમે જાણો છો કે કરણ જૌહરના એક એવા તાઉ (કાકા) હતા જેઓ પોતાના જમાનામાં કરણ કરતાં પણ વધુ પોપ્યુલર અને ઈન્ટરનેશનલ સ્ટાર હતા? વાત થઈ રહી છે હિન્દી સિનેમાના સૌથી ભણેલા-ગણેલા, વિવાદાસ્પદ અને બેબાક એક્ટર ઈન્દ્રસેન સિંહ જૌહરની. તેઓ એવા મસ્તમૌલા એક્ટર હતા જે હોલીવૂડની ઓસ્કાર વિનિંગ ફિલ્મોમાં પણ દેખાયા હતા, પરંતુ તેમની હાજરજવાબી અને સરકાર વિરોધી વલણને કારણે ઘણીવાર તેમની ફિલ્મો પર બેન પણ મૂકી દેવામાં આવતો હતો.

**યાદેં**

આઈ. એસ. જૌહરનો જન્મ 16 ફેબ્રુઆરી 1920 ના રોજ બ્રિટિશ ઈન્ડિયાના જેલમ જિલ્લાના તલાગંગ (જે હવે પાકિસ્તાનમાં છે) માં થયો હતો. તેમનું બાળપણ અજીબ ટ્રેજેડીઓથી ભરેલું રહ્યું. તેમનો એક જુડવા ભાઈ હતો, જેનો ચહેરો આઈ. એસ. જૌહર સાથે આબેહૂબ મળતો આવતો હતો. એટલું જ નહીં, જૌહર સાહેબ જે છોકરીને સાચો પ્રેમ કરતા હતા, તેમના જુડવા ભાઈએ પોતાના હમશકલ હોવાનો ફાયદો ઉઠાવીને તે છોકરી સાથે લગ્ન પણ કરી લીધા હતા!

આઈ. એસ. જૌહરે ઈકોનોમિક્સ અને પોલિટિક્સમાં માસ્ટર્સ કર્યા બાદ LLB ની ડિગ્રી મેળવી હતી. 1947માં દેશના ભાગલા વખતે તેઓ પોતાના પરિવાર સાથે પટિયાલામાં એક લગ્નપ્રસંગમાં આવ્યા હતા. રોજીરોટીની શોધમાં તેઓ 1949માં મુંબઈ આવ્યા અને સ્ક્રિપ્ટ રાઈટર તરીકે કામ શરૂ કર્યું. તેમણે લખેલી ફિલ્મ ‘એક થી લડકી’ સુપરહિટ રહી, જેનું ગીત ‘લારા લપ્પા લારા લપ્પા લાઈ’ દેશભરમાં ગૂંજ્યું હતું. આ ફિલ્મમાં તેમણે એક નાનો કોમેડી રોલ પણ કર્યો અને અહીંથી તેમની એક્ટિંગ કરિયરની શરૂઆત થઈ. ત્યારબાદ તેમણે ‘નાસ્તિક’ (1954) ફિલ્મ ડાયરેક્ટ કરી, જે તેમના ભાગલા વખતના કડવા અનુભવો પર આધારિત હતી.

આઈ. એસ. જૌહરે માત્ર ભારતમાં જ નહીં, પરંતુ હોલીવુડની પ્રખ્યાત ફિલ્મો જેવી કે ‘હેરી બ્લેક’, ‘લોરેન્સ ઓફ અરેબિયા’ અને ‘ડેથ ઓફ ધ નાઈલ’ માં પણ અદભુત કામ કર્યું હતું. બ્રિટિશ ફિલ્મ ‘હેરી બ્લેક’ માટે તેમને બાફ્ટા (BAFTA) એવોર્ડ્સમાં બેસ્ટ એક્ટર કેટેગરીમાં નોમિનેશન મળ્યું હતું અને તેઓ આ સન્માન મેળવનાર પ્રથમ ભારતીય હતા.

તેમની શાનદાર કોમિક ટાઈમિંગને કારણે લોકો તેમને ‘ઈન્ડિયન ચાર્લી ચેપ્લિન’ કહેતા હતા. પરંતુ 1957 માં લંડનના

**તેમના જુડવા ભાઇએ ઇન્દ્રસેનની પ્રેમિકા સાથેજ લગ્ન કરી લીધા હતા**

એક ફિલ્મ ફેસ્ટિવલમાં જ્યારે એક હોલીવુડ પ્રોડ્યુસરે સ્ટેજ પર તેમને આ નામથી બોલાવ્યા, ત્યારે જૌહર સાહેબ ગુસ્સે થઈ ગયા. તેમણે માઈક હાથમાં લઈને સરેઆમ કહ્યું, ‘આ પહેલીવાર નથી જ્યારે કોઈએ મારી આ રીતે બેઈજ્જતી કરી હોય. મારી જિંદગીનું એ કમનસીબ રહ્યું છે કે કાં તો બીજાના કુકર્મોનો ક્રેડિટ મને મળ્યો છે અથવા મારા સારા કામોનો ક્રેડિટ બીજા લઈ ગયા છે.’

આઈ. એસ. જૌહરને પોતાના નામ અને સરનેમ પ્રત્યે એટલો પ્રેમ હતો કે તેમણે પોતાના નામ પર જ સળંગ ફિલ્મો બનાવી નાખી; જેમ કે ‘જૌહર મહેમૂદ ઈન ગોવા’, ‘જૌહર ઈન કાશ્મીર’, ‘જૌહર ઈન બોમ્બે’. આવી લગભગ 7 ફિલ્મો તેમણે બનાવી જે બોક્સ ઓફિસ પર કોમેડીની ગેરંટી હતી. અંગત જીવનની વાત કરીએ તો, ભારતમાં જ્યારે છૂટાછેડાને એક કુરિવાજ કે પાપ માનવામાં આવતું હતું, ત્યારે 1949માં તેમણે કાયદેસર રીતે રજિસ્ટર્ડ તલાક લીધા હતા. તેઓ ભારતમાં સૌથી પહેલા તલાક લેનારા લોકોમાં સામેલ હતા. ત્યારબાદ તેમણે એક પછી એક વધુ 4 લગ્નો કર્યા, પરંતુ તમામ પાંચેય લગ્નોનો અંત તલાકમાં જ આવ્યો! આથી જ તેમને ભારતમાં ‘તલાકનો ટ્રેન્ડ લાવનારા’ વ્યક્તિ તરીકે પણ ઓળખવામાં આવે છે.

તેમની નિર્ભયતાનો સૌથી મોટો કિસ્સો 1972નો છે. જ્યારે પાકિસ્તાનના પીએમ ઝુલ્ફીકાર અલી ભુટ્ટો શિમલા કરાર માટે ભારત આવ્યા, ત્યારે તેમની સાથે તેમની 18 વર્ષની પુત્રી બેનઝીર ભુટ્ટો પણ આવી હતી. આઈ. એસ. જૌહરે આવી ગંભીર રાજદ્વારી મુલાકાત વચ્ચે પણ બેનઝીર ભુટ્ટોને પોતાની ફિલ્મમાં હિરોઈન બનવાની ઓફર આપી દીધી! જોકે બેનઝીરે હસીને ના પાડી દીધી કે તેઓ જિંદગીમાં કંઈક બીજું કરવા માંગે છે. વર્ષ 1984 માં તેઓ ખૂબ બીમાર પડ્યા. પાંચ લગ્નો કરવા છતાં અંત સમયે તેઓ એકલા હતા, માત્ર તેમની પહેલી પત્નીથી થયેલા બે બાળકો તેમની સાથે હતા. તેમણે બાળકોને પાસે બોલાવીને કહ્યું કે, ‘હું મરી જાઉં ત્યારે કોઈને પણ ખબર ન આપતા.’

10 માર્ચ 1984 ના રોજ તેમનું અવસાન થયું અને પિતાની આખરી ઈચ્છા મુજબ બાળકોએ તેમની અંતિમયાત્રા ગુપ્ત રાખીને કોઈને પણ જાણ થવા દીધી નહીં. બીબીસીના એક રિપોર્ટ અનુસાર, તેમણે મરતાં પહેલાં પુત્રને રમૂજી અંદાજમાં એવું પણ કહ્યું હતું કે, ‘જો મારા મરવાના સમાચાર અખબારમાં છપાય, તો એ અખબાર મારી પાસે (સ્વર્ગમાં) જરૂર પહોંચાડજે!’

આવા હતા ભારતીય સિનેમાના અનોખા, બેબાક અને બિન્દાસ કલાકાર આઈ. એસ. જૌહર! ●

# દુનિયાનું સૌથી એક્સપેન્સિવ સોંગ મલંગ.. મલંગ...

બોલીવુડના ઈતિહાસમાં જ્યારે પણ સૌથી ભવ્ય, ખર્ચાળ અને વિઝ્યુઅલી અદભૂત ગીતોની ચર્ચા થાય છે, ત્યારે ફિલ્મ ‘ધૂમ ૩’ ના ‘મલંગ મલંગ’ ગીતનું નામ મોખરે આવે છે. આમિર ખાન અને કેટરીના કૈફ પર ફિલ્માવાયેલું આ ગીત માત્ર એક ગીત નથી, પરંતુ પડદા પર સર્જાયેલો એક જાદુ છે. વર્ષ ૨૦૧૩માં રિલીઝ થયેલા આ ગીત પાછળની મહેનત, અકસ્માતો અને રોમાંચક કિસ્સાઓ એટલા જ રસપ્રદ છે જેટલું આ ગીત પોતે છે.

‘મલંગ’ ગીતના શૂટિંગ પાછળની કેટલીક એવી અજાણી વાતો, જે તેને



બોલીવુડનું વન-ઓફ-અ-કાઈન્ડ ગીત બનાવે છે.

મીડિયા રિપોર્ટ્સ અનુસાર, આ એક સિંગલ ગીત પાછળ અંદાજે ૫ કરોડથી વધુનો ખર્ચ કરવામાં આવ્યો હતો. ગીતનો સેટ એટલો વિશાળ અને ભવ્ય હતો કે તેના નિર્માણમાં જ કરોડો રૂપિયાનો ધુમાડો થયો હતો. આ સિવાય આર્ટિસ્ટના કોસ્ચ્યુમ્સ અને વિદેશી પ્રોફેશનલ્સની ફી પણ આ જંગી બજેટ પાછળ જવાબદાર હતી.

**પરદે કે પીછે**

ગીતને એક અનોખો સર્કસ-થીમ આધારિત લુક આપવા માટે, યશરાજ ફિલ્મ્સે કોઈ કસર બાકી રાખી નહોતી. ગીતના બેકગ્રાઉન્ડમાં જે હવામાં કરતબો કરતા જીમ્નાસ્ટ્સ દેખાય છે, તેઓ સામાન્ય ડાન્સર્સ નહોતા. ગીત માટે ખાસ લંડનથી ૨૦૦ જેટલા પ્રોફેશનલ જિમ્નાસ્ટ્સ અને એરોબેટિક એથ્લેટ્સને મુંબઈ બોલાવવામાં આવ્યા હતા. તેઓએ સેટ પર કેટલાય દિવસો સુધી આમિર અને કેટરીના સાથે રહીને આ અદભૂત દ્રશ્યો શૂટ કર્યા હતા.

આ ગીતની સૌથી મોટી અને ચોંકાવનારી વાત એ છે કે, હવામાં દોરડા પર લટકીને કરવાના ખતરનાક સ્ટન્ટ્સ માટે આમિર ખાન કે કેટરીના કૈફે કોઈ બોડી ડબલ (ડુપ્લીકેટ) નો ઉપયોગ કર્યો નહોતો.

લોકોને લાગતું હશે કે હવામાં ઉડતા દ્રશ્યો ગ્રીન સ્ક્રીન અને કમ્પ્યુટર ગ્રાફિક્સ (VFX)ની મદદથી થયા છે, પરંતુ બંનેએ ખરેખર હવામાં લટકીને કોઈ પણ સપોર્ટ વિના એ સ્ટન્ટ્સ કર્યા હતા.

**મલંગ મલંગ’ ગીતને પરફેક્ટ બનાવવા માટે આમિર અને કેટરીનાએ શૂટિંગના બે મહિના પહેલાથી રોજ ૫ થી ૬ કલાક સખત ટ્રેનિંગ શરૂ કરી દીધી હતી**

જ્યારે ગીતનું શૂટિંગ શરૂ થવાનું હતું, ત્યારે આમિર ભારે મુશ્કેલીમાં મુકાયા હતા. તેમને હવામાં ગોળ-ગોળ ફરવાને કારણે ‘વર્ટિગો’ ની સમસ્યા થઈ ગઈ હતી, જેમાં માથું ભારે થવું અને ચક્કર આવવા લાગે છે. શૂટિંગ દરમિયાન તેણે સતત દવાઓ લેવી પડતી હતી. હવામાં સતત સ્પિન થવાને કારણે ઘણીવાર સેટ પર જ તેમની તબિયત બગડી જતી હતી, છતાં તેમણે હિંમત હારી નહીં. ‘મલંગ મલંગ’ ગીતને પરફેક્ટ બનાવવા માટે આમિર અને કેટરીનાએ શૂટિંગના બે મહિના પહેલાથી રોજ ૫ થી ૬ કલાક સખત ટ્રેનિંગ શરૂ કરી દીધી હતી. હવામાં સંતુલન કેવી રીતે જાળવવું, લિક્વિડ બોડી મૂવમેન્ટ્સ કેવી રીતે આપવી, તેની તાલીમ ખાસ ટ્રેનર્સ દ્વારા આપવામાં આવી હતી. આ શૂટિંગ એટલું થકવી નાખનારું હતું કે શૂટ પૂરું થતાં સુધીમાં બંને આર્ટિસ્ટના શરીર પર અસંખ્ય સ્ક્રેચ અને ઉઝરડા પડી ગયા હતા.

મુંબઈના રિલાયન્સ સ્ટુડિયોમાં આ ગીતનો સેટ તૈયાર કરવામાં આવ્યો હતો. ગીતને રિયલ સર્કસ જેવો લુક આપવા માટે આખો સેટ ડાર્ક રાખીને માત્ર નિયોન અને ગોલ્ડન લાઈટ્સનો ઉપયોગ કરાયો હતો. ડાયરેક્ટર વિજય કૃષ્ણ આચાર્ય એવું કંઈક ઈચ્છતા હતા જે ભારતીય સિનેમામાં પહેલા ક્યારેય ન દેખાયું હોય, અને આ જ સેટિંગે ગીતને ક્લાસિક બનાવ્યું.

પ્રીતમનું સંગીત, સિદ્ધાર્થ મહાદેવન અને શિલ્પા રાવનો મધુર અવાજ, અને પડદા પાછળ આર્ટિસ્ટની લોહી-પાણી એક કરતી મહેનત–આ બધું જ મળીને ‘મલંગ’ ગીતને અમર બનાવી દે છે. આજે પણ જ્યારે આ ગીત ટીવી પર આવે છે, ત્યારે તેના દ્રશ્યો આપણને આંખના પલકારા મારવાનું ભૂલાવી દે છે. આ ગીત સાબિત કરે છે કે બોલીવુડ જ્યારે પણ કંઈક નવું કરવાનો પ્રયાસ કરે છે, ત્યારે તે વૈશ્વિક સ્તરનું સર્જન કરી શકે છે. ●